# હવે, ગાંધીનગર સિવિલમાં દર્દીઓના એમઆરઆઈ થશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં સીટીસ્કેન કે એમઆરઆઈની સુવિધા જ ન હતી. જેને પગલે દર્દીઓને અમદાવાદ ખાતે રીફર કરવામાં આવતા હતા. જો કે તાજેતરમાં સીટીસ્કેન મશીન લાવવામાં આવતા દર્દીઓને રાહત થવા પામી છે. ત્યારે હવે સિવિલ તંત્ર દ્વારા એમઆરઆઈને લઈ ખાનગી ડાયગ્નોસીસ જોડે એમઓયુ કરવામાં આવ્યા છે. જેમાં દર્દી પાસેથી રૂ. ૨ થી ૬ હજાર સુધીનો ચાર્જ વસુલવામાં આવશે અને તે દર્દીએ સિવિલ તંત્ર ખાતે ભરવાનો રહેશે. જયારે ઈમરજન્સી એમઆરઆઈના ભાવ પણ અલગથી નક્કી કરવામાં આવ્યા છે. જો કે પીપીપી મોડ પર આ એમઆરઆઈના ભાવ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર સિવિલમાં છેલ્લા સાત વર્ષથી મેડીકલ કોલેજ શરુ છે. પરંતુ સીટીસ્કેન અને એમઆરઆઈની સુવિધા ઉપલ્બધ ન હતી. જેને પગલે દર્દીઓને ખાનગી કે અમદાવાદ સિવિલમાં સીટીસ્કેન માટે કે એમઆરઆઈ માટે જવુ પડતુ હતું. અને આ ટેસ્ટને લઈ ગરીબ દર્દીઓના ખીસ્સા પણ હળવા થતા હતા.ત્યારે ઘણા સમય સીટીસ્કેન સુવિધા બંધ રહ્યા પછી નવુ સીટીસ્કેન મશીન તંત્ર દ્વારા નવીન લાવવામાં આવ્યું છે. જેથી હાલની સ્થિતિએ સીટીસ્કેનથી દર્દીઓના નિદાન થાય છે.ત્યારે એમઆરઆઈનુ મશીનની ખરીદી માટે સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી છે. પરંતુ ગરીબ દર્દીઓના રોગનું નિદાન કરતા આ મશીનના રૂપીયા જાણે સરકાર પાસે ન હોય તેમ સિવિલના સત્તાવાળાઓએ ખાનગી સંસ્થા સાથે એમઓયુ કર્યા છે.ગાંધીનગર સિવિલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને એમઆરઆઈની જરુર હશે તો તેને સિવિલના ડોકટર એમઆરઆઈની કરવાની સલાહ આપશે તો આવા દર્દીઓને સેકટર-૬ સ્થિત ખાનગી ડાયગ્નોસીસ સેન્ટર ખાતે દર્દીઓના એમઆરઆઈ થઈ શકશે. પરંતુ આ એમઆરઆઈના ચાર્જના રૂપીયા ગાંધીનગર સિવિલ ખાતે ભરવાના રહેશે.

### અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

ઉજવણી કરવાની પહેલ કરવા માંડી છે. ભગવાન શ્રી રામના પુત્ર લવના નામે સ્થપાયેલા અત્યારના લાહોર મહાનગરની મહાપાલિકાની સત્તાવાર વેબસાઈટમાં ભગવાન શ્રી રામના પુત્ર લવથી લઈને શીખ સામ્રાજ્યના મહારાજા રણજીતસિંહ લગીનાનો ગૌરવપૂર્ણ ઉલ્લેખ કરાયો છે. સરદાર ભગતસિંહના દેશ કાજે બલિદાન વિશે લાહોર આજે પણ ગૌરવ અનુભવે છે. ભગતસિંહને શહીદ લેખાવતાં એમના નામે ચોકનું નામકરણ અને ઉજવણી થાય છે.અગાઉ પાકિસ્તાનસ્થિત પ્રાચીન કટાસરાજ (શિવ) મંદિરના જીર્ણોદ્ધાર માટે પાકિસ્તાને ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન અને અત્યારના પાકિસ્તાનમાં જન્મેલા લાલકૃષ્ણ આડવાણીને નિમંત્રીને તેમને હસ્તે એનો શિલાન્યાસ કરાવ્યો હતો. જોકે વચ્ચે બંને દેશોના સંબંધોમાં ખટાશ આવે છે,પણ બંનેના સહિયારા ઈતિહાસને કોઈ નકારી શકે તેમ નથી. હમણાં લાહોરમાં મહારાજા રણજીતસિંહની અશ્વ પર આરૂઢ પૂર્ણ કદની પ્રતિમાનું લાહોરમાં ઉદઘાટન થયું. લાહોર આ શીખ મહારાજાની રાજધાની રહ્યું છે. દુનિયાભરના હિંદુઓ માટે આસ્થાના પ્રતીક એવા વેદ ગ્રંથોની રચના જે સિંધુ નદીને કાંઠે થઈ હતી એ પવિત્ર નદી અને બાવન શક્તિપીઠોમાં મહત્વનું સ્થાન ધરાવનાર હિંગળાજ માતાનું મંદિર પણ પાકિસ્તાનમાં છે. પ્રાચીન શિક્ષણધામ તક્ષશિલા વિદ્યાપીઠ પણ ઈસ્લામાબાદ નજીક છે. યુનેસ્કો એને હેરિટેઝ સ્થાનકમાં વર્ગીકૃત કરીને તેના જતન માટે કરોડો રૂપિયાનું અનુદાન આપે છે. જોકે બંને દેશો વચ્ચેના સંબંધોમાં જયારે જયારે વસંત મ્હોરવાની થાય છે ત્યારે કોણ જાણે કેમ એવાં છમકલાં થઈ જાય છે કે સંબંધો સામાન્ય કરવાના બંને બાજુથી હાથ ધરાતા સઘળા પ્રયત્નો પર પાણી ફરી જાય છે. આવા તબક્કે અપેક્ષા કરીએ કે કરતારપુર કરિડોર ખુલતાં કોઈ અજુગતી ઘટના ના બને અને બંને દેશો પુનઃ મહાત્મા ગાંધી અને સરદાર પટેલને અભિપ્રેત સહિયારા વિકાસપંથ ભણી આગળ વધે.

- haridesai@gmail.com

# ધાનેરામાં કાયદા માત્ર કાગળ પર જ સાબિત થયા : વિવાદ વચ્ચે સીએનજી પમ્પ ચાલુ

**રહેણાંક વિસ્તાર નજીક પમ્પ હોવાથી લોકોએ આવેદનપત્ર પણ આપ્યું હતું : પાલિકાની મંજૂરી વગર પમ્પ બનાવતા પાલિકાએ પણ નોટિસ ફટકારી હતી : કાયદો અને પાલિકાની નોટિસના ધજાગરા ઉડાવી પમ્પ કર્યો ચાલુ**

પૈસાથી બધું થઈ શકે છે એ વાત તો માત્ર આટલા દિવસ સાંભળી હતી પરંતુ આજે તો આ વાત સાબિત થઈ ગઈ કેમકે ધાનેરાના રહેણાંક વિસ્તાર નજીક સીએનજી પમ્પ બનાવવામાં આવ્યો હતો આપ પંપ રહેણાંક વિસ્તાર નજીક હોવાથી આ વિસ્તારના લોકોએ તંત્રને આવેદનપત્ર પણ આપ્યું હતું તો બીજી તરફ પંપના માલિક એ પાલિકાની મંજૂરી વગર પંપ બનાવતા પાલિકાએ પણ નોટિસ ફટકારી હતી પરંતુ લોકોનો આવેદનપત્ર અને પાલિકાની નોટિસ પાણીમાં ગઈ હોય તેવું લાગી રહ્યું છે અને આ પંપ માલિકે બિન્દાસ થી સીએનજી પંપ ચાલુ કરી દીધો જોઈએ શું છે સમગ્ર મામલો ધાનેરા ડીસા હાઈવે ઉપર રહેણાંક સોસાયટી નજીક એક સીએનજી પમ્પ બનાવવામાં આવે તો સીએનજીપંપ બનાવતા આજુબાજુના લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી અને



આજુબાજુના લોકોએ ધાનેરા મામલતદાર તેમજ તંત્રને આવેદનપત્ર પણ આપ્યું હતું આ પંપ ની આજુબાજુ રહેણાક વિસ્તાર આવેલો છે અને તેની બાજુમાં શાળા પણ આવેલી છે આમ જોવા જઈએ તો રહેણાક નજીક પેટ્રોલ પંપ કે સીએનજી પમ્પ બનાવી શકાતો નથી ત્યારે લોકોએ તેમની વેદના સરકાર સમક્ષ મૂકી હતી અને સરકારે કાયદેસરની કાર્યવાહી કરવાની ખાત્રી પણ આપી હતી તો બીજી તરફ બનાવનારે પાલિકાની મંજૂરી વગર પંપ બનાવી દેતા ધાનેરા નગરપાલિકા એ પણ બનાવનારને નોટિસ ફટકારી હતી અને ૫૦ ટકા રકમ વસૂલ કરી પંપ ચાલુ કરવાની જાણ કરી હતી પરંતુ આપ પંપ માલિકે જાણે પોતાની મનમાની કરી હોય અને સરકારની આબરૂના ધજાગરા ઉડાવી બિન્દાસ રીતે પંપ ચાલુ કરી દેવાયો છે તો બીજી તરફ ધાનેરા ના લોકો એ પણ જણાવી રહ્યા છે કે પૈસાને જોરે બધું જ થતું હોય છે અને આ પંપ માલિક પૈસાના જોરે અને પોતાના રાજકીય બળને લઈ સરકારની આબરૂના ધજાગરા ઉડાવી બિન્દાસ રીતે બનાવી દીધો છે અને પંપ ચાલુ પણ કરી દીધો છે ત્યારે પ્રેરણા વિસ્તાર અને શાળાની નજીક બનાવેલો સીએનજીપંપ આવનારા સમયમાં મોટી હોનારત સર્જે કે કોઈ બનાવ બને તો તેના માટે જવાબદાર કોને ગણવું પંપ માલિક લોકો તો પોતાની જવાબદારી તંત્રને જાણ કરી પૂરી કરે છે પરંતુ તંત્ર એ શું કાર્યવાહી કરી અને અને પંપ ચાલુ કરવાની મંજૂરી આપી કે પછી પંપ માલિકે જાતે જ પંપ ચાલુ કરી દીધો રહેણાક વિસ્તારમાં તંત્ર મંજૂરી આપી છે કે પછી તંત્રની આબરૂના ધજાગરા ઉડાવી આ માલિકે પંપ ચાલુ કરી દીધો છે

### કટોકટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

યોજાશે. પાર્ટીએ પોતાના તમામ ધારાસભ્યોને સરક્યુલર જારી કરીને બેઠકમાં ફરજિયાતરીતે ઉપસ્થિત રહેવા માટે આદેશ કરી દીધો છે. સરક્યુલરમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, જે ધારાસભ્ય બેઠકમાં ગેરહાજર રહેશે તેની સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. મંગળવારના દિવસે કોંગ્રેસ ધારાસભ્ય દળની આ બેઠકમાં પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, કર્ણાટક કોંગ્રેસના અધ્યક્ષ દિનેશ કુંડુરાવ અને કોંગ્રેસના કર્ણાટક પ્રભારી કેસી વેણુગોપાલ ઉપસ્થિત રહેશે. કોંગ્રેસમાં બેઠકોનો દોર ચાલી રહ્યો છે. બીજી બાજુ ભાજપના સ્પીકરના નિર્ણય ઉપર તમામનું ધ્યાન કેન્દ્રિત થઈ ગયું છે. ૧૩ ધારાસભ્યોના રાજીનામા બાદ ૨૨૪ સભ્યોની વિધાનસભામાં સભ્યોની સંખ્યા ૨૧૦ થઈ ગઈ છે. એક ધારાસભ્ય પહેલાથી જ રાજીનામુ આપી ચુક્યા છે. કોંગ્રેસ-જેડીએસ પાસે ૧૦૫ ધારાસભ્યો છે જ્યારે ભાજપની પાસે પણ ૧૦૫ ધારાસભ્યો છે. મુંબઈના જે સોફીટેલ હોટલમાં અસંતુષ્ટ ધારાસભ્યો રોકાયેલા છે ત્યાં ભાજપ અને કોંગ્રેસના અનેક નેતા તેમને મનાવવા માટે પહોંચી રહ્યા છે.

### ગણતરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૧૧ની વસ્તી ગણતરી અહેવાલમાં એક વિગત એવી પણ પ્રાપ્ત કરવામાં આવી છે કે ટેલિવિઝન, કોમ્પ્યુટર/લેપટોપ, ટેલિફોન, મોબાઈલ અને સ્કૂટર, કાર જેવા વાહનો કેટલા પરિવારો પાસે છે? તો આ કુલ છ જેટલી વિશિષ્ટ અસ્કયામતોની માહિતી એવી મળી છે કે કુલ પરિવારોના છ ટકા પરિવારો પાસે જ આ તમામ વપરાશી વસ્તુઓ છે. જ્યારે ૧૯ ટકા પરિવારો એવા છે કે રેડિયો (ટ્રાંઝિસ્ટર), ટેલિવિઝન, કોમ્પ્યુટર/લેપટોપ, ટેલિફોન, મોબાઈલ અને સ્કૂટર, કાર જેવા વાહનો પૈકી કોઈપણ પ્રકારની વિશિષ્ટ અસ્કયામતો કે જીવનની લકઝરી ગણાતી ચીજવસ્તુઓ ગેરહાજર છે. આ ઉપરથી સોક્રેટિસની એક ખૂબ જાણીતી બોધ કથા યાદ આવે છે. સોક્રેટિસના અબજોપતિ મિત્ર તેમને એક પ્રદર્શનમાં ક્મ સેલમાં લઈ જાય છે. અને કહે છે આ એક એવું પ્રદર્શન છે કે જેમાં રખાયેલી ચીજ વસ્તુઓ જીવન માટે જરૂરી છે, એ સિવાય જીવન શક્ય નથી. ખાસો સમય પ્રદર્શનમાં ફર્યા પછી પેલો મિત્ર સોક્રેટીસને પૂછે છે: બોલ, કઈ વસ્તુ તારે લેવી છે? હું લઈ આપુ. સોક્રેટીસ કહે છે એક પણ નહીં. પેલો અબજપતિ મિત્ર કહે છે અરે, આ પ્રદર્શન જ એવી વસ્તુઓનું છે કે એના વગર જીવન ચાલે નહીં. સોક્રેટીસ કહે છે 'પણ મારે આ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ વગર ચાલે છે'. –ચિંતકો એક કહે છે કે 'માણસ ખૂબ મોટો હોય કે સાવ નાનો ફિલ્સૂફી એક જગ્યા એ સાથે બેસે છે'. એ કોઈ નાના મોટાનો ભેદ પાડતી નથી. વસ્તી ગણતરી અહેવાલ ૨૦૧૧ પણ એવું દર્શાવે છે કે ગુજરાતના ૧૯ ટકા પરિવારો પણ આજે જે જરૂરી ગણાય એવી મોબાઈલ, ટેલિવિઝન સહીતના ભૌતિક સાધનો વગર જીવે છે, ફિલસૂફી એક સાથે જીવે છે એમ જ ને...!

### મૂશળધાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભરાયા હતા. વાપી મુંબઈ હાઈવેપર ટ્રાફિક જામ સર્જાયો હતો. વલસાડ-કપરાડા સહિતના વિસ્તારોમાં ભારે વરસાદના પગલે નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયાં હતા. મોગરાવાડી ગરનાળામાં પાણી ભરાતાં લોકોને પારાવાર મુશ્કેલી સર્જાઈ હતી. વલસાડમાં આવેલી ઔરંગા નદી સવારે ૧૦ વાગ્યા સુધીમાં અતિ ભયજન કહી શકાય તેવી ૪.૯ મીટરની સપાટીએ પહોંચી હતી. જેથી વલસાડના નીચાણવાળા વિસ્તારોમાં એક ફૂટથી લઈને વધુ પાણી ધુસી ગયા હતાં. પાણીનો પ્રવાહ ધીમે ધીમે ઘટી રહ્યો હોવા છતાં તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે અને વધુ બે ત્રણ ઈંચ વરસાદ થાય તો પરિસ્થિતિ વણસે તેમ હોય એલર્ટ આપવામાં આવ્યું હતું.

# રોટરી કલબ ઓફ પાલનપુરનો પદગ્રહણ સમારોહ યોજાયો



પાલનપુર શહેરમાં વિવિધ સેવાકીય પ્રવૃતિઓ થકી આગવી ઓળખ ઉભી કરનાર સેવાભાવી સંસ્થા રોટરી કલબ ઓફ પાલનપુર તેમજ રોટરેક્ટ કલબ ઓફ પાલનપુર નો પદગ્રહણ સમારોહ પાલનપુર શહેરના લક્ષ્મણ ટેકરી વિસ્તારમાં આવેલ રોટરી હોલ ખાતે યોજાયો હતો. પદગ્રહણ પ્રસંગે ગતવર્ષના સેક્રેટરી દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષનો વાર્ષિક અહેવાલ કલબના સેક્રેટરી દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. પદગ્રહણ ઓફિસર રોટેરિયન અશોકભાઈ મંગલ દ્વારા રોટરી અને રોટરેક્ટ કલબના નવનિયુક્ત પ્રમુખ તેમજ સભ્યોને શપથ ગ્રહણ કરાવ્યા હતા. રોટરી કલબના વર્ષ ૧૯-૨૦ના પ્રમુખ તરીકે રોટેરિયન ભીખાભાઈ પટેલ અને સેક્રેટરી તરીકે રોટેરિયન દિગેશ પટેલ તેમજ રોટરેક્ટ કલબના પ્રમુખ તરીકે રોટરેક્ટર અંકિત મોદી અને સેક્રેટરી તરીકે રોટરેક્ટર રાજ ગુપ્તાએ શપથ ગ્રહણ કર્યા હતા. નવનિયુક્ત પ્રમુખ ભીખાભાઈ પટેલએ જણાવ્યું હતું કે વર્ષ ૧૯-૨૦ રોટરી ઈન્ટરનેશનલ શતક વર્ષ તરીકે ઉજવી રહ્યુંછે અને એવામાં મને પ્રમુખ પદ માટે નિયુક્ત કર્યો છે એ માટે કલબના સભ્યો, શુભેચ્છકો અને પરિવારજનોનો આભાર માનું છું.


## ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા)

GEDA

(કલાઈમેટ ચેન્જ વિભાગ, ગુજરાત સરકાર)
બ્લોક નં. ૧૧-૧૨, ઉદ્યોગ ભવન, ચોથો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૭ ફોન : ૦૭૯-૨૩૨૫૭૨૫૧, ૫૩,
ઈ-મેઈલ : director@geda.org.in વેબસાઈટ : www.geda.gujarat.gov.in

## ટેન્ડર નોટીસ

**ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડામાં) મેનપાવર આઉટ સોર્સીંગ ધોરણે મેળવવા અંગેની ટેન્ડર નોટીસ**

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) મેનપાવર આઉટસોર્સીંગ ધોરણે પુરી પાડવા માટે રસ ધરાવતી તેમજ નિયત લાયકાત ધરાવતી એજન્સીઓ પાસેથી ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે.

ઈ-ટેન્ડરની માહિતી વેબસાઈટ http://geda.nprocure.com અથવા www.nprocure.com પર મૂકવામાં આવેલ છે. રસ ધરાવતી એજન્સીએ ટેન્ડર ઓનલાઈનલ ભરી તથા ઓફર ડોક્યુમેન્ટની પ્રોસેસીંગ ફી રૂ. ૨૫૦૦/- (નોન રીફંડેબલ) અને અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) રૂ. ૧,૦૮,૦૦૦/- ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી, ગાંધીનગરના નામે જેડા કચેરી ખાતે કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંક, આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, આઈ.ડી.બી.આઈ. બેંક, એક્ષીસ બેંક, એચ.ડી.એફ.સી. બેંક, કોટક મહિન્દ્રા બેંક, દેના ગુજરાત ગ્રામીણ બેંક, કાલુપુર કોમર્સીયલ કો. બેંક લી., રાજકોટ નાગરિક સહકારી બેંક, મહેસાણા અર્બન કો. બેંક લી. વગેરેના ગાંધીનગર ખાતે ચુકવણીપાત્ર અલગ-અલગ ડીમાન્ડ ડ્રાફટ બીડવાના રહેશે. ટેન્ડરનું સમય પત્રક નીચે મુજબ રહેશે.

| ક્રમ નં. | વિગત | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | ઓનલાઈન ડાઉન લોડીંગ શરૂ થવાની તારીખ | ૧૦/૭/૨૦૧૯ | બપોરે ૧૨.૦૦ |
| ૨ | ઓનલાઈન ડાઉન લોડીંગ બંધ થવાની તારીખ | ૨૯/૭/૨૦૧૯ | બપોરે ૧૨.૦૦ |
| ૩ | જેડા કચેરીમાં ટેન્ડર રજૂ કરવાની છેલ્લી તારીખ | ૨૯/૭/૨૦૧૯ | બપોરે ૦૩.૦૦ |
| ૪ | જેડા કચેરીમાં મળે ટેન્ડર ખોલવાની તારીખ | ૩૦/૭/૨૦૧૯ | સવારે ૧૧.૩૦ |

અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) વગરનું ટેન્ડર અસ્વીકાર કરવામાં આવશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણ જણાવ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર નિયામકશ્રી, જેડાને રહેશે.

માહિતી/૫૬૯/૧૯-૨૦ નિયામકશ્રી, જેડા


